# અમદાવાદમાં પ્રેમ દરવાજા પાસે પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગી, કોઈ જાનહાની નહીં

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

અમદાવાદના પ્રેમ દરવાજા પાસે રાત્રે ભીષણ આગ લાગી હતી. પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગતા ફાયર બ્રિગેડની ૬ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી અને એકથી બે કલાકમાં આગને કાબુમાં લીધી હતી. આ ઘટનામાં કોઈપણ જાનહાની થઈ નથી. આગ લાગતા આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાત્રે પ્રેમ દરવાજા પાસે આવેલા બાબાના ડેલામાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ૬ જેટલી ફાયર બ્રિગેડની ગાડીઓ સાથે ટીમો ત્યાં પહોંચી હતી. પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ લાગી હોવાથી આગ ઝડપથી આગળ વધી હતી. જેને કાબૂમાં લેવા ચારેય તરફથી પાણીનો મારો લાવવામાં આવ્યો હતો. એકાદ કલાકની ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. પોલીસને જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે



પહોંચી ગઈ હતી. લાગવાની ઘટનામાં કોઈ જાન હાની થઈ નથી. તેમજ આગ લાગવાનું ચોક્કસ કારણ પણ જાણવા મળ્યુ નથી.

# મહેસાણામાં વ્યાજખોરોના ત્રાસથી આધેડ ત્રણ દિવસ પૂર્વે નોટ લખીને તળાવમાં કૂદી ગયો



કમલમ્ ન્યુઝ,મહેસાણા

વ્યાજખોરોના ત્રાસથી આત્મહત્યાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે. ત્યારે આવી જ એક ઘટના મહેસાણાથી સામે આવી છે. ખેરવા ગામના મુકેશ પટેલે વ્યાજે લીધેલા રૂપિયાના ત્રણ ગણા ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ ત્રાસ આપતાં ત્રણ દિવસ પૂર્વે સ્યુસાઈડ નોટ લખીને તળાવમાં કૂદીને આત્મહત્યા કરી હતી. તેમનો મૃતદેહ મળતા મહેસાણા સિવિલમાં લવાયો હતો. જયાં પ્રાથમિક તબક્કે પંચનામામાં પોલીસકર્મીએ આત્મહત્યાને બદલે પગ લપસી જતા મોત થયું હોવાનું લખતાં ટોળાએ હુમલો કર્યો હતો અને જ્યાં સુધી ગુનેગારો સામે સાચી ફરિયાદ ન નોંધાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જોકે, પોલીસના ઉપરી અધીકારીઓએ આવીને ફરિયાદ નોંધી મામલો થાળે પાડ્યો હતો. મહેસાણાના ખેરવા ગામે રહેતા અને ગણપત યુનિવર્સિટીમાં પટાવાળા તરીકેની ફરજ બજાવતા મુકેશભાઈ ત્રિભોવનભાઈ પટેલે સ્યૂસાઈડ નોટ લખી ત્રણ દિવસ પૂર્વે સ્થાનિક વ્યાજખોરના ત્રાસથી ગામના સુજલામ સુફલામ તળાવમાં આત્મહત્યા કરી લીધી હતી. બુધવારે તળાવમાંથી લાશ મળી આવતાં મહેસાણા સિવિલના પીએમ રૂમ બહાર ભેગા થયેલા ગામલોકોના ટોળાએ વ્યાજખોર સામે ફરિયાદ નોંધી ન્યાયની માગણી કરી હતી. જોકે, વિમલ નામના પોલીસકર્મીએ પંચનામામાં પગ લપસી જતા મોત થયું હોવાનું લખતાં ભારે હોબાળો મચ્યો હતો અને ટોળાએ પોલીસકર્મી પર હુમલો કર્યો હતો. મામલો ઉગ્ર બનતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા અને આખરે મૃતકની દીકરીની ફરિયાદ આધારે વ્યાજખોર ગાંડા દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સ્યુસાઈટ નોટમાં મૃતકે વ્યાજે લીધેલ એક લાખના રૂ.૩.૩૦ લાખ ચૂકવ્યા હોવા છતાં પાંચ લાખ રૂપિયા માગી ઘર પડાવી લેવાની ધમકી અપાતી હોવાનો ઉલ્લેખ કર્યો છે. મૃતકની દીકરીએ ફરિયાદ નોંધાવી છે કે, મારા પપ્પા રોજ બાઈક લઈને નોકરી પર જતા પણ એ દિવસે બાઈક લઈને નહોતા ગયા. મારા કાકાની દીકરીને બાઈકની ચાવી આપી અને કહ્યું કે, તારી મોટી મમ્મીને કહેજે હુ ગાડીમાં બેસીને બહાર જવાનો છું. જેથી અમને શંકા જતા અમે શોધખોળ હાથ ધરી હતી. શોધખોળમાં દરમિયાન ગામના સુજલામ સુફલામ તળાવના કિનારેથી પપ્પાનું સ્વેટર મળી આવ્યું હતુ. જેથી પપ્પા ગુમ થયાની અમે પોલીસને અરજી આપી હતી. તરવૈયાઓએ તળાવમાં શોધખોળ કરી પણ કંઈ મળ્યું નહોતું. જ્યારે બે દિવસ બાદ તળાવમાં તરતી લાશ જોવા મળતાં અમે પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહ બહાર કાઢ્યો ત્યારે તેમના ખિસ્સામાંથી ભીની ચિઠ્ઠી મળી આવી હતી. ચિઠ્ઠીમાં પપ્પાએ વ્યાજે લીધેલ એક લાખના રૂ.૩.૩૦ લાખ ચૂકવ્યા હોવા છતાં પાંચ લાખ રૂપિયા માગી ઘર પડાવી લેવાની ધમકી અપાતી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મહેસાણા સિવિલમાં હોબાળો થયો ત્યારે મૃતકના કુટુંબીભાઈ હરેશ પટેલે જણાવ્યું કે, મૃતક પર પૈસા મામલે બહુ દબાણ હતું. કોલેજમાં નોકરી જતા ત્યારે રસ્તા પર ધાક ધમકીઓ આપતા અને પકડીને ઉભા રાખતા. એમના પત્ની કે છોકરી ગામમાં કોઈ વસ્તુ લેવા જાય ત્યારે ઉઘરાણી કરનાર પૈસા લેવા ઉભો રહેતો અને બેફામ અપશબ્દો બોલતો. ૧ લાખ આપ્યા હતા એમ છતાં વ્યાજખોરોએ ૩.૩૦ લાખ લીધા અને હજુ ૫ લાખ આપ નહીં તો પરિવારને ઉઠાવી લઈ શું એવી ધમકી આપતા મુકેશભાઈએ આત્મહત્યા કરી છે. અમારી એક જ માંગ છે આરોપી સામે કાયદેસર કાર્યવાહી થવી જોઈએ ગામમાં અન્ય લોકો પાસે પણ આવું કર્યુ છે. મુકેશ પટેલે આત્મહત્યા કરતાં પહેલાં સ્યુસાઈડ નોટ લખીને તેનો મોબાઈલમાં ફોટો પાડી લીધો હતો. જે મોબાઈલ પરિવારજનોને મળતાં તેમણે આત્મહત્યા કરી હોવાની ખબર પડી હતી. બીજી તરફ મોબાઈલમાં જે ફોટો મળ્યો હતો તે જ સ્યુસાઈડ નોટ તેમના કપડામાંથી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, 'મારું મરવાનું કારણ મેં રબારી ગાંડાભાઈ જોડેથી એક લાખ લીધેલ હતા, એક લાખ વ્યાજ સહિત મેં હપ્તે હપ્તેથી આપતો હતો. પાંચ લાખ રૂપિયા મારી પાસે માગે છે. મેં અત્યાર સુધી ૩ લાખ ૩૦ હજાર ચૂકવેલ છે. આજે મને રૂબરૂમાં ઘર પડાવી લેવાની વાતો કરે છે અને જો મારા રૂપિયા નહીં આપે તો મને મારી નાખવાની અને મને રૂબરૂ મળે ત્યારે ગાળો અને ના બોલવાના શબ્દો બોલે છે. મારા તરફથી મોટી સજા કરશો. એ જ લિ. પટેલ મુકેશભાઈ ટી.ના જય માતાજીનું લખાણ છે.'

# આણંદની કૃષિ યુનિવર્સીટી વસો ખાતે તાલુકાકક્ષાની વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર યોજાઈ



કમલમ્ ન્યુઝ,નડિયાદ

આણંદની કૃષિ યુનિવર્સીટી વસો ખાતે વિદ્યાર્થી સંઘ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ભાગરૂપે કૃષિ મહાવિદ્યાલય- વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો દ્વારા રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર, જિલ્લા યુવા વિકાસ અધિકારી, નડિયાદ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, નડિયાદના સહયોગથી "વ્યક્તિત્વ વિકાસ અને યોગતાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. નિખિલ જોશી, મદદનીશ પ્રાધ્યાપક, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા "વ્યક્તિત્વ વિકાસ" વિષય ઉપર વકતવ્ય આપવામાં આવ્યું હતું. જેમાં તેઓએ વ્યક્તિત્વ વિકાસ કરવાના વિવિધ આયામોના ખૂબ જ સુંદર ઉદાહરણની સાથે વિવિધ પુસ્તકોના બોધપાઠ પરથી વિદ્યાર્થીઓ વધુ સારી રીતે પોતાનું વ્યક્તિત્વ નિખારી શકે તે અંગેનુ માર્ગદર્શન આપ્યું હતું. દુષ્યંત મોદી, યોગાચાર્ય, નિવૃત ડાયરેકટર, યોગ, એક્યુપ્રેશર, કુદરતી ઉપચાર, મ. સ. યુનિવર્સિટી, વડોદરા, યોગાચાર્ય નયનાબેન મોદી અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, નડિયાદના પ્રવિણાબેન દ્વારા અહીયાના વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને "બોડી એન્ડ માઈન્ડ ફીટ એન્ડ ફાઈન" વિષયને અનુરૂપ સંગીત સાથે યોગના વિવિધ આસનોની પ્રાયોગિક રીતે તાલીમ આપવામાં આવી હતી. તેમજ યુવાનોનું અસ્થિતંત્ર સુદ્રઢ રહે અને રોજબરોજના દૈનિક જીવનમાં વિવિધ શારિરીક સમસ્યાના નિવારણ અર્થે ખૂબ જ સુંદર યોગાસનની તાલીમ આપી હતી. વધુમાં આંખની કાર્યક્ષમતા સુધારવા, પાચનતંત્ર અને ઉત્સર્ગતંત્રની કાર્યક્ષમતા સુધારવા વિવિધ યોગાસનોની સમજ આપી. જિલ્લા વિકાસ અધિકારી અક્ષય મકવાણા દ્વારા યુવા વિકાસ યોજનાઓ અંગેની સરકારની આદર્શ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડા ડો.વી.પી.રામાણીએ પ્રાસંગોચિત ઉદબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. હાજર રહેલા સર્વે મહેમાનો દ્વારા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને "વ્યક્તિત્વ વિકાસ અને યોગસન શિબિર"ના પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યકર્મનું સંચાલન ડો. પી. એસ પંચાલ, બી. એ. જેઠવા અને ડૉ.સી. બી. વર્માએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સહાયક સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## PUBLIC NOTICE

This public notic e is given on behalf of my client SAROJBEN YOGESHGIRI GOSWAMI has purc hased immovable residential property bearing Gariyadhar Gamtal Plot no. 14,admeasuring 224.07 Sq. Meterswith construction thereon Situated in Village: Gariyadhar Taluka & District: Bhavnagar State Gujarat in the registration District of Bhavnagar and Sub District of Gariyadhar from from the said owner registered sale deed no. 42 dated 24/01/1989. But Scrutinizing the legal document in the above property seems to be that Original registered sale deedno .42 of dated24/01/1989 infavour of Patel Karshanbhai Khodabhai is missing or Lost and not traced out in spite of sufficient and attempts. The above Original registered sale deedno. 42of dated24/01/1989 if there is a mortgage, charge or lien to some with since this notice has published the following address along with suppprting evidence in seven days or take objection,if there is no objection raised during the stipulated time the above document is deemed to be missing, if the above document nothing in mortgage, lien or charge waive rights by persons and I will issue No Objection certificate to present owner of property for further process relating to fitle clear .After the notice period if any objection arise, it will not be considered and is not binding to my client which may please noted.

On Instruction of My Client
R.B.GOHIL [Advocate]
Near civil court-Palitana
Mo.No.9228723167

Place; Palitana
Dated; 11-12-2022

## જાહેર નોટીસ

આથી અમો રમેશકુમાર બી.ગોહિલ એડવોકેટ એન્ડ નોટરી– પાલીતાણા તે અમોના આસીલ ગોસ્વામી સરોજબેન યોગેશગીરી, રહે.ગારીયાધારવાળાની સુચના અને માહિતી મુજબ જાહેર જનતાને આ નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે...

ભાવનગર જીલ્લાના મોજે ગારીયાધાર તાલુકા(સીટી)ના ગામતળના ખુલ્લા પ્લોટ નં.૧૪ જેના ચો.મી. ૨૨૪.૦૭ અર્થાત ચો.વાર ૨૬૮ જે "સુચીત પંચરત્ન સોસાયટી' માં આવેલ મીલકત તથા તેના પર બાંધકામ કરાયેલ મીલકત રજી. વેચાણ દ.નં. ૪૨, તા.૨૪/૦૧/૧૯૮૯ થી પટેલ કરશનભાઈ ખોડાભાઈ ધ્વારા ખરીદ કરવામાં આવેલ છે. પરંતુ વેચાણ દસ્તાવેજ અનુકૂમ નં. ૪૨, તા.૨૪/૦૧/૧૯૮૯ વાળો અસલ દસ્તાવેજ ઉત્તરોત્તરના માલીક ગોસ્વામી સરોજબેન યોગેશગીરી પાસેથી અસલ દસ્તાવેજ મળી આવતો ન હોય અને શરતચુકથી ખોવાઈ ગયેલ છે.

હાલમાં તેઓની પાસે ન હોય, અને તેઓ દવારા તેમના જણાવ્યા અનુસાર આ દસ્તાવેજના આધારે કોઈ ગીરો, બોજો કે લેણુ કે અન્ય કોઈ ખાનગી વ્યકિત કે સહકારી સંસ્થા કે સરકારી સંસ્થાનું લેણુ તેમજ અન્ય કોઈપણ પ્રકારનું વ્યવહાર ઉત્પન્ન કરવામાં આવેલ નથી. અને સદર ખોવાયેલ દસ્તાવેજ કોઈ સરકારી કચેરીમાં સ્ટેમ્પ ડયુટી, સબબ કે તેવા અન્ય કોઈ કારણોસર પેન્ડીંગ નથી કે મુલતવી રાખવામાં આવેલ નથી. અને તેઓને સદર દસ્તાવેજ ચોલા મંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લીમીટેડ ભાવનગરમાં રજુ કરવાનો હોય આ સબબ કોઈપણને વાંધો તકરાર કે વાદ વિવાદ, દાવો કે તે સ્વરૂપનું કશુ હોય તો અમોન સરનામે લેખીતમાં સાત દિવસમાં જાણ કરવી. જો કોઈ વાંધા કે તકરાર લેવામાં આવશે નહી તો તે વાંધા તકરાર વેવ કરેલ છે તેમ માની મીલકત પરત્વેના ટાઈટલને લગતી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની નોંધ લેવી.

આર.બી.ગોહિલ એડવોકેટ એન્ડ નોટરી
પાલીતાણા, સીવીલ કોર્ટની બાજુમા,
મો.નં.૯૨૨૮૭૨૩૧૬૭

સ્થળ : '– પાલીતાણા,
તા.૧૧/૧૨/૨૦૨૨

# ગાંધીનગરની જીએનએલયુ ખાતે કોમન લો એડમિશન ટેસ્ટ ૧૮ ડિસેમ્બરે યોજાશે



કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગરના રાયસણ સ્થિત દેશ વિખ્યાત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીખાતે આગામી તા. ૧૮ ડિસેમ્બરને રવિવારના રોજ કોમન લો એડમિશન ટેસ્ટ યોજવામાં આવશે. આ વર્ષે કોમન લો એડમિશન ટેસ્ટ માટે ગુજરાતમાંથી ૧,૧૧૩ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. ગાંધીનગરની ગુજરાત નેશનલ લો યૂનિવર્સિટીમાં કોમન લો એડમિશન ટેસ્ટ (CLAT 2023) ૧૮ ડિસેમ્બરના રોજ લેવામાં આવશે. આ વર્ષે ગુજરાતના ચાર શહેરો ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાંથી સીએલએટી માટે કુલ ૧,૧૧૩ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. જયારે વર્ષે ગુજરાતમાંથી સીએલએટી માટે ૧૨૨૪ ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. આ વર્ષે ભારતભરમાંથી આશરે ૫૫ હજાર ઉમેદવારોએ નોંધણી કરાવી છે. તેમજ ગત વર્ષે ૬૧ હજાર ઉમેદવારોએ નોંધણી કરાવી હતી. દેશની ૨૨ નેશનલ લો યુનિવર્સિટીના પાંચ વર્ષના સંકલિત એલએલબી અને એક વર્ષના એલએલએમ પ્રોગ્રામ્સમાં સીએલએટીના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવશે. ૨૨ નેશનલ લો યુનિવર્સિટી તેમના એલએલબી પ્રોગ્રામમાં લગભગ ૧,૬૦૦ બેઠકો ધરાવે છે. ૨૨ નેશનલ લો યુનિવર્સિટી ઉપરાંત લગભગ ૫૦ અન્ય ક્લેટ-સંલગ્ન યુનિવર્સિટીઓ પણ તેમના કાર્યક્રમોમાં પ્રવેશ માટે સીએલએટી પરીક્ષાનો ઉપયોગ કરે છે. સીએલએટીની પરીક્ષા માટે ગાંધીનગર સેન્ટરમાં ૬૭૮ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. જેમાં એલએલબી માટે ૫૪૨ અને એલએલએમ માટે ૧૩૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ગુજરાત નેશનલ લો યૂનિવર્સિટી માં એલએલબી પ્રોગ્રામમાં ૨૦૪ અને એલએલએમ પ્રોગ્રામમાં ૫૭ સીટો છે. જ્યારે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી નવા શરૂ થઈ રહેલા જીએનએલયુ સિલ્વાસા કેમ્પસ માટે પણ ક્લેટના આધારે પ્રવેશ આપવામાં આવશે. જીએનએલયુ સિલ્વાસા કેમ્પસમાં બીએ એલએલબી પ્રોગ્રામમાં ૬૬ અને એલએલએમ પ્રોગ્રામમાં ૩૩ બેઠકો છે. નેશનલ લો યુનિવર્સિટીના કન્સોર્ટિયમ માટે જીએનએલયુ ગુજરાતમાં સીએલએટીનું આયોજન કરે છે.

# તાપી જિલ્લા ખાતે ૧૪મું વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન

## જિલ્લાની ૬૬ જેટલી શાળાઓએ ૯૭ જેટલી કૃતિઓ વિવિધ વિભાગોમાં પ્રદર્શિત કરી



કમલમ્ ન્યુઝ,સંજય ચુડગર

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તાપી દ્વારા માર્ગદર્શિત જિલ્લા સરદાર પટેલ શાળા વિકાસ સંકુલના ૧૪માં વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન વ્યારાના દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૬૬ જેટલી શાળાઓએ ઉત્સાહથી ભાગ લીધો અને ૯૭ જેટલી કૃતિઓ વિવિધ વિભાગોમાં મૂકવામાં આવી હતી. આ પ્રદર્શનના કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધારા પટેલના વરદ હસ્તે વિભાગ-૧ માં ઉદ્ઘાઘાટન કરી વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શનને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ વેળા ગ્રામ સેવા સમાજના પ્રમુખ શ્રી ગણપતભાઈ ગામીત, શિક્ષણ નિરીક્ષકશ્રી ગોવિંદભાઈ ગાંગોડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સમારંભના ઉદ્ઘાટક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ધારા પટેલે બાળકોને વૈજ્ઞાનીક અભિગમ કેળવવા, અનુભવો અને કાર્યશીલતા વધારવા બાળકોને પ્રોત્સાહિત કર્યા.

શિક્ષણ નિરીક્ષકશ્રી ગોવિંદભાઈ ગાંગોડા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ દ્રષ્ટાંતો દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવવાની સમજ પૂરી પાડી હતી. પ્રમુખશ્રી ગ્રામ સેવા સમાજના ગણપતભાઈએ વિદ્યાર્થીઓને જીવનમાં આપણી આસપાસ ઉપસ્થિત તમામ સુવિધાને સ્વીકારી પોતાની જીવનશૈલી ખૂબ ઉચ્ચ અને સરળ બનાવવા અંગે સમજુતી આપી હતી. તાપી જિલ્લાના વિભાગ-૧ ની અંદર કુલ ૨૦ કૃતિઓ વિભાગ-૨(એ) ૯ કૃતિઓ વિભાગ-(બી) જેમાં ૧૬ કૃતિઓ વિભાગ-૩ જેમાં ૧૮ તિઓ વિભાગ-૪ માં ૧૬ કૃતિઓ, વિભાગ-પાક માં ૨ અને વિભાગ-૫(બી) માં કુલ ૧૬ કૃતિઓ દ્વાર સુંદર પ્રદર્શન રજૂ કર્યુ હતું. આમ સરદાર પટેલ શાળા વિકાસ સંકુલના ૧૪માં વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શનમાં કુલ-૯૭ કૃતિઓનું પ્રદર્શન થયુ હતું. સમારંભના અંતે શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અર્પિત કરી વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનને પૂર્ણ જાહેર કરાયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શૈક્ષણિક હોદેદારો, શિક્ષણ મદદનીશ નિરીક્ષક બહેનો, શ્રી શીતલબેન, શ્રી નિશાબેન સહિત વિવિધ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંકલેશ્વર શહેર દક્ષિણ ગુજરાત વીજકંપની દ્વારા વીજસુરક્ષા અને સલામતી અંગે જનજાગૃતિ રેલી

## રેલી શહેર ના વિવિધ વિસ્તારો માં ફરી વીજ સુરક્ષા અને સલામતી ના નિયમો અંગે લોકો ને માહિતગાર કરાયા







## રેલી માં વીજ કંપની ના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર શહેર દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ સુરક્ષા ,અને સલામતી તેમજ વીજ બચત અંગે નાગરિકો માં જનજાગૃતિ ફેલાવવા ના હેતુસર રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું ,આ જનજાગૃતિ રેલી માં વીજ કંપની ના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દક્ષિણ ગુજરાત વીજ.કંપની અંકલેશ્વર શહેર કચેરી દ્વારા વીજ સુરક્ષા , સલામતી અને વીજ બચત કરવા માટે શહેરીજનો માં જાગૃતિ ફેલાવવા માટે જનજાગૃતિ રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું અંકલેશ્વર શહેર વીજ કંપની ના નાયબ કાર્યપાલક ઈજનેર સી.જે ચૌધરી ની અધ્યક્ષતા હેઠળ શહેર ની ડીજીવીસીએલ કચેરી ખાતે થી નીકળેલ જનજાગૃતિ રેલી શહેરના વિવિધ વિસ્તારો માં ફરી જન જન સુધી વીજ સુરક્ષા અને સલામતી ના સૂત્રોચ્ચારો દ્વારા શહેરીજનો માં જાગૃતતા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો આ રેલી માં વીજ કંપની ના ,વી એસ ભગત, આર બી ગોહિલ અને જુનિયર ઈજનેર રિયા વસાવા, સહીત ના કમર્ચારીઓ જોડાયા હતા .

# વિકાસ ના પંથે આણંદ સાંસદ મિતેષભાઈ પટેલ ની અવિરત દોડ

## આણંદની ગણેશ ચોકડી ખાતે ૧૪૩ કરોડના ખર્ચે ફલાઈ ઓવરનું નિર્માણ થશે!!! ટ્રાફિકમાંથી મુકિત મળશે



કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ જિલ્લા ના સાંસદ મિતેષભાઈ પટેલના અથાક પ્રયાસો થી ગુજરાત સરકાર શહેરી વિકાસ અને માર્ગ અને મકાન વિભાગના સંયુકત પ્રયાસોથી આણંદ ખાતે આવેલ ગણેશ ચોકડી ઉપર ટ્રીફિક ની સમસ્યા ને હળવી કરવા માટે ૧૪૩ કરોડના ખર્ચે ફલાઈ ઓવર માટે રાજ્ય સરકાર દ્વારા સિધ્ધાંતિક મંજુરી આપવામા આવી છે. જે સદર બ્રિજ અમૂલ ડેરી રોડથી મંગળપુરા તરફ તેમજ રાજોળપુરા થી કલેકટર ઓફિસ સુધી ના નવીન બ્રીજની કામગીરી ટુંક સમયમાં શરૂ થશે.

